# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ. પો.વિંઝોલ, તા. ગોધરા, જિ.પંચમહાલ- ૩૮૮૭૧૩


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૫/૪૧૯૮ તા.૨૪/૦૩/૨૦૨૫

પરિપત્ર :-૩૬૭૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એમ.બી.બી.એસ અભ્યાસક્રમ ચલાવતી કોલેજના ડીનશ્રીને જણાવવાનું કે, આપની કોલેજમાં નીચે મુજબના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

| Sr | Course | Exam Fee | Last Date with Regular Fee | Date of Form Submission |
|---|---|---|---|---|
| 1 | S.Y. M.B.B.S. (Repeater) | 5250/- | 01/04/2025 | 02/04/2025 |
| 2 | T.Y. M.B.B.S. (Part-I) (Repeater) | 5250/- | | |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઇ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૪) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૫) આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની <u>ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે.(રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી) યુનિવર્સિટી ખાતે ચકેલીસ્ટ અને ફી ની રીસીપ્ટ જમા કરાવવાની નિયત તારીખ બાદ આવેલ ફોર્મના સંદર્ભમાં પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૫/- લેટ ફી લાગુ થશે.</u>

(૬) યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદન પત્રનું ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૭) <u>કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.</u>

Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ. પો.વિંઝોલ, તા. ગોધરા, જિ.પંચમહાલ- ૩૮૮૭૧૩

નોંધ

- જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી FAEC મેળવ્યું નહી હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો ભરી શકાશે નહી. FAEC મેળવ્યા બાદ જ સંબંધિત વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ(ગોધરા)

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એમ.બી.બી.એસ અભ્યાસક્રમ ચલાવતી કોલેજના ડીનશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**બીડાણ: પરિપત્ર-૩૨૯૧ : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૪ ની રમત-ગમત ફી, સાંસ્કુતિક ફી અને વિદ્યાર્થી કલ્યાણ ફી બાબતે**